# 'સાહિત્ય નહીં પુરાણોમાં પણ સ્ત્રીને માનભર્યું સ્થાન અપાયું છે'

## મહુવામાં મોરારિબાપુની નિશ્રામાં સંસ્કૃત પર્વનો થયેલો પ્રારંભ

**ભાસ્કર ન્યૂઝ** | રાજકોટ

તલગાજરડા ખાતે આવેલા મોરારિબાપુના કૈલાસ ગુરુકૂળમાં નવમા સંસ્કૃત પર્વનો પ્રારંભ આજથી થયો છે. પહેલાં દિવસે પુરાણના પાત્રો વિષય પર સાક્ષરોએ પ્રવચનો આપ્યા હતા. ગાંધીનગરથી આવેલા યોગીની વ્યાસે અનસુયાના પાત્ર અંગે આપેલા વ્યાખ્યાનમાં એવો સૂર વ્યકત થયો હતો કે, આપણા પુરાણો પણ સ્ત્રીઓને સતત સન્માન આપતાં આવ્યા છે.

હનુમાન જયંતી નિમિતે જેમ અસ્મિતા પર્વ યોજાય છે તેમ આ ગાળામાં દર વર્ષે સંસ્કૃત પર્વની શરુઆત મહુવા પાસેના તલગાજરડાંમાં મોરારિબાપુની નિશ્રામાં થઈ હતી. પહેલાં દિવસે રાધાવલ્લભ ત્રિપાઠીએ જલભરત, પૃથુ સહિતના પાત્રોનો સાંદર્ભિક અને પૌરાણિક ઉલ્લેખો સાથે પરિચય આપ્યો હતો. ત્યારબાદ, પ્રાચ્ય વિદ્યા મંદિરના ડિરેકટર મુકુંદ વાડેકરે સત્યવાદી હરિશ્ચંદ્ર વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. જો કે તેમણે વ્યાખ્યાનના બદલે મોટેભાગે હરિશ્ચંદ્રની કથા જ કહી હતી. માર્કંડેય પુરાણ, વિવિધ ગ્રંથોના સંદર્ભો તેમણે ટાંક્યા હતા. તેમણે કહ્યું હતું કે, ચાર વેદોનો વિસ્તાર એજ આપણાં પુરાણો અને ઉપપુરાણો છે.

ગાંધીનગર સ્થિત પ્રા. યોગીની વ્યાસે અનસુયાના પાત્ર વિષે છણાવટ કરી હતી અને તેમાં તેમણે એવું પ્રસ્થાપિત કરવાની કોશિશ કરી હતી કે, માનવજીવનમાં સ્ત્રીનું સ્થાન કેટલું અગત્યનું છે તેનો ઉલ્લેખ માત્ર વર્તમાન સાહિત્યમાં નથી પરંતુ અથર્વવેદ, યજુર્વેદ તથા અન્ય પુરાણોમાં સુપેરે થયો છે. તેમણે અનેક નારી રત્નના શબ્દ ચિત્રો આલેખ્યા હતા. બપોર બાદ ગંગાધર પાંડે, અરવિંદ જોશી અને લાભશંકર પુરોહિતે, ધ્રુવ, વિશ્વામિત્ર તેમજ યયાતિના પાત્રો અંગે વ્યાખ્યાન આપ્યા હતા.